**114.** શિક્ષિકાએ વિદ્યાર્થીઓને પોતપોતાના જોડીદાર સાથે પોતે કરેલા કામની અદલાબદલી કરીને પરસ્પરનું કામ ચકાસવાની સૂચના આપી. આ કાર્ય (ટાસ્ક) નો હેતુ શો છે?

(1) સઘન વાચન માટે પ્રેક્ટિસ કરાવવાનો
(2) નવા શબ્દભંડોળના ઉપયોગની પ્રેક્ટિસનો
(3) સંરચનાની નિયંત્રિત પ્રેક્ટિસ કરાવવાનો
(4) સાથીદારની ક્ષતિઓ સુધારવાનું કૌશલ્ય વિકસાવવાનો

**115.** બુનિયાદી કક્ષાએ ભાષા શીખતા બાળકો નીચેનામાંથી કઈ પદ્ધતિ દ્વારા વધુ સારી રીતે શીખી શકે?

(1) શિક્ષિકા દ્વારા ગવડાવાતાં બાળગીતને ઝીલે ત્યારે
(2) તેઓ એકાધિક ઈન્દ્રિયોનો અને હાથનો સૂક્રિય ઉપયોગ કરે ત્યારે
(3) તેઓ પોતાની નોટબૂકમાં અક્ષરો ઘૂંટે અથવા વારંવાર લખે ત્યારે
(4) જ્યારે ફાઈન મોટર સ્કીલ પર જ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે ત્યારે

**116.** પાંચમા ધોરણાનો એક વિદ્યાર્થી કહે છે : ''જો મારું કામ શિક્ષક પાસે જમા કરાવલા પહેલા એની ચોકલાઈ તપાસવા માટે આપ્યું છે''- આ વિદ્યાર્થી લેખનના ક્યા તબક્કે પહોંચયો હશે?

(1) મુસદ્દાલેખન (2) પુનઃમુસદ્દાલેખન (3) પ્રૂફવાચન (4) સૂક્ષ્મ મૂલ્યાંકન

**117.** નીચેનામાંથી કઈ પદ્ધતિ બાળકોને વર્ગખંડમાં એમની સ્થાનિક ભાષામા ઉપયોગ માટે હતોત્સાહ કરે છે?

(1) નૈસર્ગિક પદ્ધતિ (2) પ્રત્યાયનલક્ષી પદ્ધતિ
(3) પ્રત્યક્ષ પદ્ધતિ (4) ઓડિઓલિંગ્વલ પદ્ધતિ

**118.** એક શિક્ષિકા બીની ધોરણના વિદ્યાર્થીઓ માટે ટીચિંગ-લર્નિંગ મટિરિઅલ (TLM) એકત્ર કરે ત્યારે એ માટે નીચેનામાંથી ક્યો માપદંડ લાગુ નહીં પડે?

(1) આ સામગ્રી આકર્ષક અને આ વયજૂથના બાળકો માટે સુરક્ષિત હોવી જોઈએ.
(2) આ સામગ્રી બાળકોને કૂતુહલપૂર્વક પ્રયોગો અને શોધખોળ કરવા માટેની પૂરતી તક આપે એવી હોવી જોઈએ.
(3) સામગ્રી સ્થાનિય સ્તરે બનેલી અથવા ઉપલબ્ધ હોવી જોઈએ જેથી અને બદલાવી શકાય.
(4) સામગ્રી બાળકો દ્વારા બનાવાયલી અને હાથમાંથી સરકી ન જાય એ માટે થોડી બરછટ હોવી જોઈએ .

**119.** રાષ્ટ્રીય પાઠ્યક્રમ સંરચના (NCF) માં જેની ભલામણ કરવામાં આવી છે તે પ્રકારની દક્ષતા જો બાળકોને સહભાગિતા, સ્વાગતસભરતા અને આનંદમય વાતાવરણ રચીને આપસી હોય તો નીચેનામાંથી કઈ બાબત આ માટે વધુ ઉચિત જણાશે?

(1) બળબળતી ગરમીમાં એમને મેદાનમાં રાખવાને બદલે એમની પાસે ઈન્ડોર પ્રવૃત્તિઓ કરાવવી
(2) બાળકોના સ્વાસ્થ્ય અને તબિયત પર ધ્યાન આપવું.
(3) બાળકોનું જે કાર્ય હોય તે વિવિધ સ્તરે પ્રદર્શિત કરવું
(4) વિવિધરંગી વાતાવરણના નિર્માણ માટે વર્ગખંડ સુસજ્જિત કરવો

**120.** બુનિયાદી કક્ષા માટેના પાઠ્યપુસ્તકો તૈયાર કરતી વખતે નીચેનામાંથી ક્યો સિદ્ધાંત લાગુ નહીં પડે?

(1) પાઠ્યક્રમ સિદ્ધાંત (2) પ્રસ્તુતિકરણ સિદ્ધાંત
(3) સઘન (કોંક્રિટ) સિદ્ધાંત (4) સૂક્ષ્મ મૂલ્યાંકન

**133.** પ્રાચીન સંસ્કૃતિની ધરોહર કઈ છે?

(1) સ્વાર્થ (2) પરમાર્થ (3) સ્વનિર્ભરતા (4) શોષણ

**134.** 'સ્વાવલંબન' શબ્દનો સાચો સંધિવિગ્રહ શોધો.

(1) સ્વા + આવલંબન (2) સ્વાવ + અંબન

(3) સ્વાવ + લંબન (4) સ્વ + અવલંબન

**135.** 'ધરોહર' એટલે શું?

(1) ટકાળી રાખનાર (2) તૃપ્ત (3) અતૃપ્ત (4) હરી લેનાર

**136.** બુનિયાદી કક્ષા માટે મૂલ્યાંકન પદ્ધતિ અને પ્રક્રિયા કેવી હોવી જોઈએ?

(1) નિશ્ચિત કસોટીઓ અને પરીક્ષાઓ વિદ્યાર્થી માટે સુયોગ્ય હોય છે

(2) બાળકોના અભ્યાસ અનુભવનો વિસ્તાર બની રહે તેવી

(3) વર્ગખંડમાં બાળકોના સમગ્ર પ્રદર્શન મુજબ એની પ્રગતિ નિર્ધારિત કરે એવી

(4) શિક્ષકે બધાં જ બાળકોના મૂલ્યાંકન માટે એકસરખો એક જ માપદંડ રાખવો જોઈએ

**137.** બાળકોના જ્ઞાનેન્દ્રિયવિકાસ અને ભાષા કઈ બાબત સાથે સંલગ્ન છે?

(1) અનુકરણપ્રક્રિયા અને ઉદ્દીપન-પ્રતિભાવ જોડાણ સાથે

(2) મનુષ્ય ભાષાપ્રાવીણ્યની ક્ષમતા જન્મજાત મેળવે છે

(3) આ બંને વચ્ચે કોઈ બાબત જોડાણરૂપ નથી

(4) બાળકો જે સંસ્કૃતિ અને સમુદાયમાં જીવતા હોય છે તેની સાથે

**138.** કોઈ વ્યક્તિ દ્વિતીય ભાષા સરળતાથી ત્યારે જ શીખી શકે જ્યારે :

(1) જ્યાં વ્યાકરણ પર ભાર મૂકવામાં આપતો હોય અને શિક્ષક દ્વારા મદદ કરવામાં આવતી હોય

(2) સ્થાનિક ભાષા બોલનાર લોકોના સમાજના સતત સંપર્ક પડે

(3) ઓડિઓ-લિંગ્વલ (વાણી-શ્રવણ) પદ્ધતિ વડે સંવાદોના પુનરાવર્તન અને પ્રેક્ટિસ દ્વારા

(4) લક્ષ્ય ભાષા બોલવાનો કોર્સ કરવામાં આવે ત્યારે

**139.** 'ભાષા શીખવાની પ્રક્રિયા એવી વસ્તુ છે જે જન્મથી આરંભાય છે અને જીવનપર્યંત શરૂ રહે છે' તમે આ વિધાન સાથે સહમત છો કે અસહમત છો?

(1) હું આ વિધાન સાથે સહમત છું. (2) હું આ વિધાન સાથે સહમત નથી.

(3) હું આંશિક રીતે સહમત છું. (4) હું આંશિક રીતે અસહમત છું.

**146.** પ્રોત્સાહનનો અને સારા બાળસાહિત્યનો અભાવ એ વાચન સામેનો મોટો પડકાર છે. આને પહોંચી વળવા માટે શું કરવું જોઈએ?

(1) શિક્ષકોએ બાળકોને ગૃહકાર્યના એક ભાગ તરીકે રોજ એક પુસ્તક વાંચવાનું કહેવું જોઈએ

(2) વાલીઓને ઘરમાં નાનકડું પુસ્તકાલય બનાવવા કહેવું જોઈએ

(3) વાચનરસ જગાવવા માટે અને પ્રોત્સાહન આવવાના હેતુથી પુસ્તકો ઉપલબ્ધ અને હાથવગાં કરાવવા જોઈએ

(4) બાળકોનાં વાચનરસ અને પ્રેરણા માટે શાળા સંચાલકોએ બાળકોને પુસ્તકમેળામાં કઈ જવા જોઈએ

**147.** પ્રાથમિક કક્ષાએ વાચનકૌશલ્યનું મૂલ્યાંકન કરતી વખતે શિક્ષકે શેના પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ?

(1) મૂળાક્ષરો ઓળખવા ઉપર (2) વિરામચિહ્નોના ઉપયોગ પર

(3) યોગ્ય ગતિ સાથેના વાચન પર (4) સમજણપૂર્વકના વાચન પર

**148.** એક સારી વક્તવ્યપ્રવૃત્તિ કોને કહેવાય?

(1) જેમાં શિક્ષક વધુ સ્પષ્ટીકરણ આપે

(2) શિક્ષક ધ્યાનથી સાંભળે

(3) વિદ્યાર્થીઓ વધુ બોલે

(4) બોલકા વિદ્યાર્થીઓની સહભાગિતા મહત્તમ હોય

**149.** શિક્ષક વર્ગના વિદ્યાર્થીઓને જૂથોમાં વહેંચી દઇને તેણો પોરો હમણાં જ અખબારમાંથી જે રસપ્રદ લેખ વાંચ્યો એની ચર્ચા કરવાનું કહે છે. આ પ્રવૃત્તિ શેના માટે છે?

(1) મૌખિક પ્રવાહિતા પ્રેક્ટિસ (2) નિયંત્રિત મૌખિક પ્રેક્ટિસ

(3) ગાઈડેડ મૌખિક પ્રેક્ટિસ (4) સક્રિય શ્રવણ

**150.** સમગ્ર ભાષા અભિગમ (હોલ લેંગ્વેજ અપ્રોચ)એટલે?

(1) અર્થ આધારિત (2) દક્ષતા આધારિત

(3) ધ્વનિસંયોજન (4) ધ્વનિ-પ્રતીક સંબંધિત

- o O o -

